## રાજકોટ મહાનગરપાલિકા

<u>એપ્રેન્ટીસશીપ યોજના અંતર્ગત ભરતીની જાહેરાત</u>

રાજકોટ મહાનગરપાલિકામાં એપ્રેન્ટીસશીપ એક્ટ-૧૯૬૧ તથા "મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના" હેઠળ વિવિધ ટ્રેડમાં ખાલી પડેલ-૮૨૫ જગ્યાઓ ભરવા નિયત લાયકાત ધરાવતા ઇચ્છુક ઉમેદવારો પાસેથી ફક્ત ઓનલાઇન માધ્યમથી (**www.rmc.gov.in**) તા.૧૩/૦૧/૨૦૨૫ થી તા.૩૧/૦૧/૨૦૨૫ દરમ્યાન અરજીઓ મંગાવવામાં આવે છે.

**<u>લાયકાત</u> :-** જે તે ટ્રેડમાં સરકાર માન્ય આઇ.ટી.આઇ.માંથી જ કોર્ષ પાસ કરેલ હોવો જોઇએ.

**<u>નોંધ</u> :-** એપ્રેન્ટીસ ભરતી અંગેની વધુ વિગતો રાજકોટ મહાનગરપાલિકાની વેબસાઇટ **www.rmc.gov.in** પર ઉપલબ્ધ છે.

**સહી: સી.કે.નંદાણી**
**નાયબ કમિશનર**
**રાજકોટ મહાનગરપાલિકા**

## એનેક્ષર- "એ"

1. નિયત પાત્રતા ધરાવતા ઉમેદવારોને મેરીટના અગ્રતાક્રમ મુજબ ખાલી જગ્યા પર તાલીમ માટે રાખવામાં આવશે, સમયાંતરે ખાલી પડતી જગ્યાઓ પર મેરીટ મુજબ વેઇટીંગ લીસ્ટ ઓપરેટ કરીને એપ્રેન્ટીસોને તાલીમ માટે રાખવામાં આવશે.
2. ઉમેદવારોએ **www.rmc.gov.in** વેબસાઇટ પર ફક્ત ઓનલાઇન અરજી કરવાની રહેશે ત્યારબાદ ઓનલાઇન અરજીની પ્રિન્ટ સાથે અરજી ફોર્મમાં દર્શાવેલ જરૂરી ડોક્યુમેન્ટ્સની સ્વપ્રમાણિત નકલ જોડીને આસી.મેનેજરશ્રી, મહેકમ શાખા, રૂમ નં.૧, બીજો માળ, રાજકોટ મહાનગરપાલિકા, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦૦૦૧ નાં સરનામે રૂબરૂ **તા.૦૭/૦૨/૨૦૨૫** સુધીમાં કચેરી કામકાજ દિવસ અને સમય મુજબ (સવારે ૧૦.૩૦ થી સાંજે ૦૬.૧૦) રજુ કરવાના રહેશે.
3. ઓનલાઇન અરજી કર્યા બાદ ઉપર જણાવેલ વિગતે નિયત સમયમર્યાદામાં ડોકયુમેન્ટ જમા/રજુ ન કરનાર ઉમેદવારોને આગળની પ્રક્રિયા માટે ગેરલાયક ગણવામાં આવશે.
4. સંબધિત ટ્રેડમાં ફક્ત આઇ.ટી.આઇ પાસ ઉમેદવારોએ જ અરજી કરવાની રહેશે. અગાઉ કોઇપણ ટ્રેડમાં રાજકોટ મહાનગરપાલિકા કે અન્ય સંસ્થા ખાતેથી એપ્રેન્ટીસશીપ પૂર્ણ કરેલ હોય તેવા ઉમેદવારોએ અરજી કરવી નહિ. જો આવા કોઇ ઉમેદવાર માલુમ પડશે તો તેઓ એપ્રેન્ટીસશીપ માટે ગેરલાયક ઠરશે.
5. પસંદગી પામેલ એપ્રેન્ટીસોને સરકારશ્રી દ્વારા નિયત થયેલ રકમ માસિક સ્ટાઇપેન્ડ પેટે ચુકવવામાં આવશે.